ઉધારમાં સિગરેટ આપવાની ના પાડનારના ચહેરા પર જાહેરમાં એસિડ ફેંકાયો

એસિડ એટેક કરનાર સામે મહિધરપુરા, સરથાણા, પુણા, કાપોદ્રા અને વલસાડમાં ગુના નોંધાઇ ચૂક્યા છે

માથાભારે લોકોના સુરતના પોલીસના લિસ્ટમાં રાકેશ બારૈયાનું નામ હતું કે નહીં તે તપાસનો વિષય

સુરતઃ કાપોદ્રા વિસ્તારમાં પાનની દુકાન ચલાવનાર યુવક પર એસિડ એટેક કરવામાં આવ્યો હતો. તેનો વાંક માત્ર એટલો હતો કે તેણે આ વિસ્તારના માથાભારે રાકેશ બારૈયાને ઉધારમાં સિગરેટ આપવાની ના પાડી દીધી હતી. પોલીસે આ કેસમાં સંડોવાયેલા આરોપીને ઝડપી પાડ્યો છે.

કાપોદ્રા પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ શહેરના કાપોદ્રા મુઘકિન્દ્રના સત્યનારાયણ નગરમાં આવેલા આનંદ એપાર્ટમેન્ટમાં રહેતો રામપ્યારે રામસ્નેહી કુશવાહ કાપોદ્રા સત્યનારાયણનગર સોસાયટી પાસે પંડીત પાન સેન્ટરના નામે ગલ્લો ચલાવે છે.

ગઈકાલે રાત્રે લગભગ ૪ વાગ્યાની આસપાસ તેઓ તેમની દુકાને હતા ત્યારે ત્યારે આરોપી રાકેશ બાબુ બારૈયા સ્ટોલ પર આવ્યો હતો અને ઉધારીમાં સિગારેટ માંગી હતી. જેથી રામ પ્યારેએ તેને ઉધાર સિગારેટ આપવાની ના પાડી દેતા રાકેશ ચાલ્યો ગયો હતો. પરંતુ થોડા સમય પછી તે બોટલમાં એસિડ લઈને પાછો આવ્યો અને પાન વિક્રેતા કંઈ સમજે તે પહેલાં તેણે તેના પર એસિડથી હુમલો કર્યો. જેથી તેનો ચહેરો અને માથું બળવા લાગ્યો હતો. બીજી તરફ આરોપી રાકેશ ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો. એસિડ હુમલાની ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.

આ મામલે ભોગ બનનારની ફરીયાદના આધારે કાપોદ્રા પોલીસે ગુનો દાખલ કરી ગણતરીના કલાકોમાં આરોપી રાકેશ બાબુભાઇ બારૈયા (રહે. સત્યનારાયણ સોસાયટી, મુર્ઘા કેન્દ્ર પાસે કાપોદ્રા)ની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે. વધુમાં પોલીસે જણાવ્યું હતું કે આરોપી રાકેશ વિરૂદ્ધ મહિધરપુરા, સરથાણા, પુણા, કાપોદ્રા અને વલસાડમાં ગુના દાખલ થઈ ચૂક્યા છે. રાકેશ બારૈયા સામે જો પોલીસ કડક નહીં થાય તો વધુ ગુના નોંધાશે

મનપાનુ શિક્ષણ સુધર્યુ કે પછી મંદીગ્રસ્ત રત્નકલાકારોની મજબુરી ?

સમિતિની શાળામાં 600 જગ્યા સામે પ્રથમ દિવસે પ્રવેશ માટે 2000 ફોર્મ આવ્યા

મનપાની શાળામાં પ્રવેશ માટે પડાપડી પહેલા જ દિવસે ખાનગી શાળાઓની જેમ, વાલીઓની લાઇનો લાગી

સુરત : આઠ ભાષામાં પ્રાથમિક શિક્ષણ આપતી સુરત મનપા સંચાલિત શિક્ષણ સમિતિની સ્કૂલોમાં મહદઅંશે સારી સુવિધા અને શિક્ષણની ગુણવતા નહીં હોવાના કારણે અન્ય વિસ્તારની ખાનગી શાળામાં પ્રવેશ માટે પણ લાઈનો લાગે જ છે. જો કે આ વખતે પ્રવેશ શરૂ થતાની સાથે જ લાંબી લાંબી લાઈનો લાગતા ચર્ચાનો માહોલ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને મંદીના અજગર ભરડામાં ફસાયેલા રત્નકલાકારો વસે છે તે વરાછા વિસ્તારની એક શાળામાં પ્રવેશ માટે હજારો ફોર્મ એક જ દિવસમાં ભરાતા મંદીના કારણે આ લાઇનો લાગી છે કે, મનપાનું સારૂ શિક્ષણ છે એટલે ? તે અંગે ચર્ચાનો માહોલ છે.

વિસ્તૃત વિગત મુજબ આગામી જૂન મહિનાથી સમિતિની શાળામાં શરૂ થનાર 2025-26ના શૈત્રણિક સત્ર માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ થઇ ગઇ છે. વરાછા વિસ્તારમાં આવેલી ઇ.એમ.ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દત્તક લેવામાં આવેલી શાળા ક્રમાંક નં 272 અને 16માં મંગળવારથી ધોરણ 1થી 8માં પ્રવેશ માટે વિદ્યાર્થીઓના નામની નોંધણી કરવાની શરૂઆત થઇ હતી. આ સાથે જ ધો.1માં નવા પ્રવેશ, ખાનગી સ્કૂલમાંથી આ સ્કૂલમાં ટ્રાન્સફર સહિતના પ્રવેશ મેળવવા માટે વાલીઓની કતાર લાગી ગઇ હતી. લાઇનમાં અંદાજિત 200થી વધુ વાલીઓ સાથે વિદ્યાર્થીઓ ગરમીમાં ઉભા રહ્યા હતા. પ્રથમ દિવસે બંને પાળી મળીને 2000 વિદ્યાર્થીઓની પ્રવેશ માટે નોંધણી થઇ હતી. આ શાળામાં બંને પાળી મળી અંદાજિત 600 જગ્યા છે.

સંક્ષિપ્ત સમાચાર

ગાંધીનગરમાં કેન્દ્રના પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ નિયંત્રક બોર્ડની બીજી રાષ્ટ્રીય કોન્ક્લેવ યોજાઈ

સુરતઃ ગાંધીનગરમાં કેન્દ્રના પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ નિયંત્રક બોર્ડની બીજી રાષ્ટ્રીય કોન્ક્લેવ યોજાઈ હતી. આ પરિષદમાં બોર્ડના અધ્યક્ષ ડો અનિલ જૈને સ્વચ્છ, વધુ ટકાઉ ઉર્જા ભવિષ્ય તરફ ભારતના માર્ગમાં કુદરતી ગેસની મુખ્ય ભૂમિકા પર ભાર મુકતા જણાવ્યું હતું કે, ભારત જેવા આગળ વધતા અર્થતંત્રમાં પાઇપલાઇન દ્વારા જોડાયેલા બહુવિધ ટર્મિનલ હોવા જરૂરી છે. તેમમે ભારતના ઉર્જા માળખાના વિસ્તરણ અને નવીનતા માટે અનુકૂળ નિયમનકારી વાતાવરણને પ્રોત્સાહન આપવા માટેની સરકારની પ્રતિબદ્ધતા પર પણ પ્રકાશ પાડયો હતો. જીએસપીસીના એમડી મિલિન્દ તોરવણેએ કહ્યું હતું કે, ભારતમાં તેલ અને ગેસ ક્ષેત્રે માળખાગત સુવિધાઓ માટે પ્રચંડ વિકાસ માટે સ્ટેડ સેટ થઈ ગયો છે.

સાર્વજનિક યુનિવર્સિટી ખાતે રાષ્ટ્રીય સ્તરની સ્ટાર્ટઅપ સ્પર્ધા 'સ્ટ્રેક્ટિકલ 2025' સફળતાપૂર્વક યોજાઈ

સુરતઃ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત, સાર્વજનિક યુનિવર્સિટીની ઘટક સંસ્થા, એસ. આર. લુથરા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (SRLIM) દ્વારા સતત 10મી વખત રાષ્ટ્રીય સ્તરની સ્ટાર્ટઅપ સ્પર્ધા 'સ્ટ્રેક્ટિકલ 2025'નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, ઉદ્યોગસાહસિકો અને ઉદ્યોગ નિષ્ણાતો નવી અદ્યતન વ્યવસાય યોજનાઓનું આદાન-પ્રદાન અને મૂલ્યાંકન કરવા માટે ભેગા થયા હતા. જેમાં SUના પ્રોવોસ્ટ ડો. કિરણ પંડ્યાએ જ્ઞાનવર્ધક માહિતી આપી હતી અને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના ચેરમેન સીએ ભરત શાહે પ્રેરણાદાયી સંબોધન રજૂ કર્યું હતું. સંસ્થાના ડિરેક્ટર ડો. જીમી એમ. કાપડિયા દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં એસઆર લુથરા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટના મોનિષ્ઠા ચાવલા વિજેતા થયા હતા અને વનિતા વિક્ષામ મહિલા યુનિ.ના અંશુ મિશ્રા રનર અપ થયા હતા.

વડોદરાની જાની શેરીનો ઉપાશ્રય વર્ષો જૂનો ઉપાશ્રય છે: પદ્મદર્શનવિજયજી

વડોદરા. ઘડિયાળી પોળની જાની શેરીમાં શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય ખાતે પંન્યાસપ્રવર પ્રદ્મદર્શન વિજયજી મહારાજ આદિ શ્રમણ ભગવંતની પાવન પધરામણી થતાં પ્રવચન યોજાયું હતું. જેમાં શ્રોતાઓએ લાભ લીધો હતો. જાની શેરીનો ઉપાશ્રય વડોદરાનો સર્વપ્રથમ વર્ષો પુરાનો ઉપાશ્રય છે જૈન સંઘની આ શ્રેષ્ઠ વિરાસત છે કે જ્યાં અતિ પ્રાચીન દાદા પાર્શ્વનાથનું ભવ્ય અને મનોહર જિનાલય છે. આજે પણ શ્રદ્ધાળુઓ પરમ આસ્થા સાથે પરમાત્માના દર્શન- પૂજનનો લાભ લઈ રહ્યા છે. કાળચક્રના સપાટામાં મોટા ભાગના જૈનો શહેર છોડીને સોસાયટીઓમાં રહેવા ગયા છે પણ હૈયામાં પરમાત્મા પ્રત્યે લોકોની શ્રદ્ધા એવી ને એવી જ છે.

ટ્રેપ અને ડબલ ટ્રેપ શૂટિંગમાં પુનિત લાલવાણીએ 4 મેડલ જીત્યા

સુરત : સુરતમાં યોજાયેલી બીજી સુરત જિલ્લા ઓપન શોટગન શૂટિંગ ચેમ્પિયનશિપમાં પુનિત લાલવાણીએ 3 (૨ સિલ્વર અને ૧ બ્રોન્ઝ)મેડલ જીત્યા છે. એ પછી પાંચમી અહમદાવાદ જિલ્લા ઓપન શોટગન શૂટિંગ ચેમ્પિયનશિપમાં ૧ બ્રોન્ઝ મેડલ જીતી સુરત શહેર અને સુરતના સિંધી સમાજનું નામ રોશન કર્યું છે. આ મેડલ મેળવ્યા બાદ સુરત સિટી પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે ઉત્સાહ વધારવા સાથે આશીર્વાદ આપ્યા હતા. પોલીસ કમિશનરએ અભિનંદન પાઠવી, ભવિષ્યમાં ખૂબ સારું રમવા પ્રોત્સાહન આપ્યું હતું.

ન.પ્રા.શિક્ષણ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓને સાઈકલ વિતરણ

સુરતઃ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ કેન્દ્ર-12 સંચાલિત ધો. 6ના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે સાઈકલ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત 111 થી 120 નંબર સુધીના શાળાઓના વિદ્યાર્થીઓને સાયકલ વિતરણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શહેરના મેયર દક્ષેશભાઈ માવાણી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન રાજેન્દ્રભાઈ કાપડિયા, ઉપાધ્યક્ષા રંજનાબેન ગૌસ્વામી તથા શિક્ષણ સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં શાસનાધિકારી નિરીક્ષક શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો અને વાલીઓની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં પ્રોત્સાહન આપવા સાઈકલ વિતરણ કરવામાં આવી હતી.

ITC બિલ્ડિંગના વેપારી પાસે રૂ.18.26 લાખનું યાર્ન ખરીદી પેમેન્ટને બદલે હાથ ઊંચા કર્યા

સુરતઃ ગોડાદરા મહારાણા પ્રતાપ ચોક પાસે આવેલા રૂગંટા ગ્રીન હોમમાં રહેતા રાજેશ જમનલાલ ટેલર મજુરાગેટ ખાતે આવેલી ITC બિલ્ડિંગમાં સાનિકા ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ અને સાનિકા પીલોટેક્ષ પ્રાઈવેટ લિમિટેડ નામની યાર્ન અને કાપડનો ઓફિસમાં મેનેજર તરીકે નોકરી કરે છે. તેમજ આ કંપનીનાં ડાયરેકટર સુમીત ઓમપ્રકાશ અગ્રવાલ છે. સને ૨૦૨૩માં ડભોલી મનિષ શાકભાજી રોડ પર આવેલી પ્રાર્થના સોસાયટીમાં રહેતો અને વેડરોડ ફટાકડા વાડીમાં ઓમ કેશરી ફેશનનાં નામે વેપાર કરતા ધર્મેશભાઈ કાનજીભાઈ લખાણીએ તેમની પાસેથી 28 લાખનો માલ લઈ ગયો હતો અને બાદમાં 10 લાખ ચૂકવ્યા હતા અને બાદમાં 18 લાખ નહીં ચૂકવી ભાગી છૂટ્યો હોવાની ફરિયાદ અઠવાલાઈન્સ પોલીસમાં નોંધાઈ છે.

'આજા સમાજા' ગટરનાં તૂટેલા, ખુલ્લા ઢાંકણા બોલાવી રહ્યાં છે નિર્દોષને

(તસવીર : સતીષ જાદવ)

- માસૂમ કેદારના મોતની ઘટના અને બાદમાં વાછરડું ખાબકવાની ઘટનાની સ્યાહી હજુ સૂકાઈ નથી. લોકો બૂમ પાડી પાડીને મનપાના તંત્રને ફરિયાદો કરી રહ્યા છે કે ગટરનું ખુલ્લા ઢાંકણાંનું કંઈ કરો. પરંતુ આ ફરિયાદો બહેરા કાને અથડાવા જેવી સ્થિતિ જોવા મળી રહી છે. શહેરના પોશ ગણાતાં વેસુ વિસ્તારની કોસમોસ બિલ્ડિંગ પાસે ગટરનું આ ઢાંકણું જાણે અકસ્માતને આમંત્રણ આપી રહ્યું હોય, તેમ મોં ફાડીને બેઠું છે.

ONGCના એન્જિનિયર સાથે સહકર્મચારીએ જ ૧૮.૮૦ લાખની ઠગાઈ કરી

વેસુનો ફ્લેટ વેચવાનું કહી રૂપિયા લઇ લીધા બાદ ફ્લેટ અન્યને વેચી લીધેલા નાણા પણ ચાંઉ કરી લીધા

સુરતઃ ઓએનજીસી પ્લાન્ટના એક્ઝિક્યુટિવ એન્જિનિયરને વેસુ સ્થિત રઘુવીર સ્પેલેક્ષમાં ફ્લેટ આપવાના બહાને અડાજણના બે ઠગબાજોએ રૂ.૧૮.૮૦ લાખ પડાવી લીધા હતા. બંને ચીટરોએ ફ્લેટના નામે પૈસા પડાવી લઇ ફ્લેટનો કબજો નહીં આપી આ ફ્લેટ અન્યને વેચી દીધો હતો.

વેસુ પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ શહેરના મગદલ્લા-ડુમસ રોડ ઉપર આવેલા ઓ.એન.જી.સી.નગર ફેઈઝ-૧માં રહેતા અમિત રામતિલક ગુપ્તા હજીરા ખાતે આવેલી ઓએનજીસી પ્લાન્ટમાં એક્ઝિક્યુટિવ એન્જિનિયર તરીકે નોકરી કરે છે. અમિત સાથે પ્રોડક્શન ડિપાર્ટમેન્ટમાં અવિનાશ દશરથભાઈ પારેખ (રહે.વર્ષા સોસાયટી, શાંતિ નિકેતન વિદ્યાલય પાસે, પાલનપુર રોડ)કામ કરતો હતો. જેથી તેઓ એકબીજાને સારી રીતે ઓળખતા હતા. તે દરમિયાન આ બંનેએ વેસુ રઘુવીર સ્પેલેક્ષ ખાતે આવેલા ફ્લેટ નં. ડી/૯૧૩ વેચાણથી આપવાનું કહી ગત તા.૨૦ ડિસેમ્બર ૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમિયાન ટુકડે ટુકડે કુલ્લે રૂા.૧૬,૩૦,૦૦૦/- ચેક દ્વારા તેમજ રોકડા રૂ.૨,૫૦,૦૦૦/- મળી કુલ્લે રૂ.૧૮,૮૦,૦૦૦/- લઈ લીધા હતા ત્યાર બાદ ફ્લેટનો કબ્જો નહી સોંપ્યો હતો.બંને ઠગબાજોએ આ ફ્લેટ અન્યને વેચાણ કરી દીધો હતો. એટલું જ નહીં ફ્લેટના નાણા પણ પરત નહી આપતા આ ઘટનાની ફરિયાદ થતાં વેસુ પોલીસ સ્ટેશનમાં ઠગબાજ અવિનાશ પારેખ અને રાજેશભાઈ મહેતા વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાંચ દિવસથી ગુમ પુત્રનો ઇદના દિવસે ભેટો થયો, પોલીસ સ્ટેશનમાં ભાવવિભોર દ્રશ્યો સર્જાયા

પોલીસની મહેનત રંગ લાવી, બાળકને શોધવા 100 થી વધુ સીસીટીવી કેમેરા ફંફોસ્યા

સુરતઃ ઇદના દિવસે ચોક બજાર પોલીસ સ્ટેશનમાં ભાવ વિભોર દૃશ્યો સર્જાયા હતા. વાત કંઈક એમ હતી કે પાંચ દિવસથી ગુમ થયેલા 14 વર્ષના પુત્રને અથાગ મહેનત બાદ પોલીસે શોધીને બાળકને તેના માતા પિતાને સોંપ્યો હતો. ચોકબજાર પોલીસ ઈન્સ્પેક્ટર એન.જી. ચૌધરીએ જણાવ્યું હતું કે ચોક બજાર વિસ્તારમાં ફૂલવાડી ખાતે આવેલા મહેક રેસિડેન્સીમાં રહેતા મોહમ્મદ શાહિદરજા કાદરીનો ૧૪ વર્ષીય દીકરો ગુલામ કાદરી રપમી માર્ચે ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વિના નીકળી ગયો હતો. ગુલામની કોઈ ભાળ ન મળતાં માતા-પિતાએ તાત્કાલિક ચોક બજાર પોલીસનો સંપર્ક કરતાં પોલીસે ૨૦થી વધારે પોલીસની ટીમે બનાવી શોધખોળ હાથ ધરી હતી. પોલીસે સમગ્ર વિસ્તારના સીસીટીવી કેમેરાના આધારે પણ તપાસ હાથ ધરી હતી. પોલીસે પાંચ દિવસની અથાગ મહેનત બાદ આખરે ગુલામ કાદરીને શોધી કાઢ્યો હતો અને ગતરોજ ઈદના દિવસે જ પોલીસમથકમાં માતા-પિતા સાથે ભેટો કરાવતા ભાવવિભોર દ્રશ્યો સર્જાયા હતા. જેમાં બાળકની માતા તેને ભેટીને પોલીસમથકમાં જ રડી પડી હતી.

પિતાએ પુત્રને શોધી આપનારને 50 હજાર આપવાની જાહેરાત કરતા બોગસ કોલ આવ્યા

ગુલામ કાદરીને શોધવા માટે તેના પિતાએ રૂપિયા ૫૦,૦૦૦ ની જાહેરાત કરી હતી ત્યારે બીજી તરફ બે અલગ અલગ કિસ્સામાં અસામાજિક તત્વોએ મોહમ્મદ કાદરીને ફોન કરી તેના દીકરાને સુરત રેલ્વે સ્ટેશન પાસે શોધી કાઢ્યો છે અને તેનો દીકરો તેની પાસે છે અને દીકરો પરત જોઈતો હોય તો પહેલાં ૫૦ હજાર રૂપિયા મોકલી આપવા માટે બોગસ ફોન પણ પિતા પર આવ્યા હતા પરંતુ મોહમ્મદ કાદરીએ બાળકને લઈને પોલીસમથકમાં આવો અને રૂપિયા ૫૦,૦૦૦ લઈ જાઓ તેમ જણાવ્યું હતું. જેથી બંને અલગ અલગ કિસ્સાના ફોન ફ્રોડ હોવાનું સામે આવ્યું હતું.

બાળક સોશિયલ મીડિયા થકી જન્મદાત્રીના સંપર્કમાં આવ્યો હતો

સોશિયલ મીડિયા ઇન્સ્ટાગ્રામમાં ગુલામ કાદરીએ સ્ટોરી સ્ટેટસમાં દાદાનો ફોટો મૂક્યો હતો. જેથી ગુલામને જન્મ આપનાર માતા પણ આ ફોટો જોતાં તેને ગુલામ કાદરી સાથે વાતચીત કરતાં સંપર્કમાં આવ્યો હતો. ત્યારબાદ અવારનવાર ગુલામ તેની સાથે ઈન્સ્ટાગ્રામમાં વાતચીત કરતો હતો અને તમામ મેસેજ ડીલીટ પણ મારી દેતો હતો. પરંતુ જન્મ આપનાર માતા સાથેની વાતચીતનો એક સ્ક્રીનશોટ તેના મોબાઈલમાં રહી ગયો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે ગુલામ કાદરીનો જન્મ મોહમ્મદ કાદરીની પ્રથમ પત્નીની કુખેથી થયો હતો. જોકે ગુલામ માત્ર દોઢ વર્ષનો હતો ત્યારે જ મોહમ્મદ કાદરીએ બીજા લગ્ન કરી લીધા હતા અને ગુલામ તેની પાસે રહેતો હતો, જેથી તેને એ વાતની જાણ ન હતી કે હાલમાં તે જેની પાસે મોટો થઈ રહ્યો છે તે તેની સાવકી માતા છે. જોકે સોશિયલ મીડિયા થકી ગુલામ કાદરી તેની માતાના સંપર્કમાં આવ્યો હતો. જેથી ગુલામ તેની જન્મ આપનારી માતાને પાસે જવા માટે ઘર છોડીને નીકળી ગયો હતો.

જન્મ આપનાર માતાએ પોલીસને ખોટું નિવેદન આપ્યું

પોલીસ તપાસમાં પોલીસને ગુલામને જન્મ આપનારી માતા પર શંકા જતા તેઓએ તેને પોલીસ મથકે જવાબ લખવા બોલાવી હતી પરંતુ પોતાનો દીકરો પરત મળ્યો હોવાથી માતાએ પોલીસ કર્મચારીઓને ગુલામ વિશે કોઈ ભાળ ન હોવાની ખોટી કહાની ચલાવી હતી. માતાને શંકા હતી કે પોલીસ તેના ઘરે ગુલામની શોધખોળ માટે આવશે. જેથી જે તે સમયે જ તેની માતાએ પુત્રને અન્ય સંબંધીના ઘરે રાખ્યો હતો પરંતુ પોલીસને પાંચ દિવસની તપાસમાં પ્રથમ માતા પર જ પ્રબળ શંકા થતાં બીજીવાર પૂછપરછ કરવા સાથે ઘરની તલાસી લીધા બાદ તેને સખ્તાઈથી પૂછપરછ કરવામાં આવતા તેણે ગુલામને સંબંધીના ઘરે રાખ્યો હોવાની કબૂલાત કરી હતી.

સચિન GIDCમાં ATM તોડી ચોરીનો પ્રયાસ, મશીનને એક લાખનું નુકસાન

ચોરટાએ મશીનનું ડોર, લોક, શટર અને હેન્ડલ તોડી નાંખ્યા, પરંતુ રોકડ ચોરી શક્યો નહીં

સુરતઃ સચિન જીઆઈડીસીના ગેટ નં-૩ વિશાલ નગરમાં HITACHIના એટીએમમાં તસ્કર ચોરી કરવાના ઈરાદે ઘુસ્યો હતો. તે મશીન તોડી અંદરથી રૂપિયા કાઢી શક્યો ન હતો, પરંતુ મશીનને 1 લાખનું નુકસાન પહોચાડ્યું હતું. તસ્કરની ચોરીના પ્રયાસની તમામ ગતિવિધિ સીસીટીવી કેમેરામાં કેદ થઇ ગઈ છે.

પાલીગામની દ્વારાકાધીશ રેસીડેન્સીમાં રહેતા વિનયકુમાર દયાશંકર મિશ્રાએ સચિન જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ચોરીના પ્રયાસની ફરિયાદ નોંધાવી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે સચિન જીઆઈડીસીના ગેટ નં-૩ વિશાલ નગરમાં HITACHIના એટીએમ મશીનની કેબિનમાં ગત 31મી માર્ચ 2025ની રાત્રે અજાણ્યા ઈસમે પ્રવેશ કરી મશીનમાં રાખેલી રોકડ ચોરી કરવાનો પ્રયત્ન કર્યો હતો. તસ્કરે એટીએમનું આર્ટિફિશીયલ ડોર તથા લોક તેમજ શટર અને હેન્ડલ તોડી આશરે રૂ. ૧,૦૦,૦૦૦/-ની મતાનું નુકશાન પહોંચાડ્યું હતું. બનાવ સંદર્ભે સચિન જીઆઈડીસી પોલીસે વિનયકુમારની ફરિયાદના આધારે અજાણ્યા તસ્કર સામે ચોરીના પ્રયાસનો ગુનો દાખલ કરી સીસીટીવી ફૂટેજના આધારે તેની શોધખોળ હાથ ધરી છે.

ટૂંકા સમય ગાળામાં પૈસા કમાવી લેવા એટીએમ તોડ્યું

સુરત : સચિન જીઆઇડીસીના પીઆઇ કુલદીપસિંહ ગોહિલે માહિતી આપતા જણાવ્યું હતું કે HITACHIના એટીએમ મશીનમાં ચોરીના ઇરાદે પ્રવેશ કરી મશીનમાં તોડફોડ કરી એક લાખનું નુકશાન કરી ફરાર થયેલા આરોપી સ્વપનીલ સુરેશસિગ રાજપૂત (રહે-શીવનગર સચીન જીઆઇડીસી)ને ઝડપી પાડ્યો હતો. આરોપીની પૂછપરછ કરતા તેને પૈસાની જરૂરત હોવાથી અને ટૂંકા સમય ગાળામાં પૈસા કમાવી લેવાના ઇરાદે એટીએમ મશીનને ટાર્ગેટ કર્યું હતું.

મિત્ર પાસેથી ઉછીના લીધેલા 10 લાખ સામે આપેલો ચેક રિટર્ન થતાં વેપારીને એક વર્ષની કેદ

સુરતના નાના વરાછા વિસ્તારમાં વસવાટ કરતા રાકેશભાઈ મોહનભાઈ ડાયાણીએ વર્ષ ૨૦૨૦માં તેમના મિત્ર એવા અતુલભાઈ રવજીભાઈ કોઠીયાને રૂ.૧૦,૦૦,૦૦૦ ધંધાના કામકાજ અર્થે જરૂર હોય હાથ ઉછીના આપ્યા હતા. સમય જતાં નાણાંની ઉઘરાણી કરતાં અતુલભાઈ રવજીભાઈ કોઠીયાએ દસ લાખની રકમનો ચેક લખી આપ્યો હતો. જે ચેક બેંકમાં નાંખતા રિટર્ન થતાં ફરીયાદી રાકેશભાઈ ડાયાણીએ એડવોકેટ નિલેશ આર. માણીયા મારફતે સુરતની કોર્ટમાં ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અંતર્ગત ફરિયાદ દાખલ કરી હતી. જે ફરિયાદ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે એડવોકેટ નિલેશ માણીયાની ધારદાર દલીલો ગ્રાહ્ય રાખી આરોપી અતુલભાઈ રવજીભાઈ કોઠીયાને એક વર્ષની કેદ અને રિર્ટન થયેલા ચેકની રકમ ફરીયાદીને વળતર તરીકે ચૂકવી દેવા હુકમ કર્યો છે.

વેસુના ઠગબાજે સિંગણપોરના દંપતી સાથે 20.74 લાખની ઠગાઈ આચરી

કોલ્ડ્ડ્રીંક્સના ધંધામાં રોકાણ કરાવી શરૂઆતમાં નફો આપ્યો, બાકીના પૈસા ચાંઉ કરી ગયો

સુરતઃ સિંગણપોર ગામના જમીન દલાલ અને તેની પત્ની પાસેથી વેસુના ઠગબાજે એનર્જી ડ્રીંકના ધંધામાં રોકાણ કરવાના બહાને રૂ. 20.74 લાખ પડાવી લીધા હોવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.

સિંગણપોર ગામ તળાવ ફળીયું ખાતેની ભાગ્યલક્ષી સોસાયટીમાં રહેતા દીપકભાઈ મૂળજીભાઈ ગુજરીયા જમીન દલાલી તેમજ ડ્રાઈવીંગના વ્યવસાય સાથે સંકળાયેલા છે. દીપકભાઈ ૨૦૦૬ પહેલા નવસારીબજાર મલેકવાડીમાં રહેતા હતા. તે દરમ્યાન સમાજના ગીરીશભાઇ શંભુભાઇ વેલારી પણ ત્યાં રહેતા હોવાથી તેમને ઘણાં વર્ષોથી ઓળખતા હતા. ત્યારબાદ દીપકભાઈ પરિવાર સાથે ઉપરોક્ત સ્થળે રહેવા આવી ગયા હતા. ત્યારબાદ પણ દીપકભાઈને ગીરીશભાઇ વેલારી સાથે ઘર જેવા સબંધો હતા. ગત જુલાઇ-૨૦૨૩માં ગીરીશ વેલારી દીપકભાઈના ઘરે આવ્યો હતો અને તેમને કહ્યું હતું કે હાલ વરસાદની સીઝન છે અને મારે છત્રીના બહુ જ ઓર્ડર છે, તેમાં સારો એવો નફો મળે છે જેથી તમે પણ રોકાણ કરો. દીપકભાઈએ તેની ઉપર વિશ્વાસ રાખીને પ્રથમ રૂ.૧૮,૦૦૦/-નું રોકાણ કર્યું હતું. એકાદ અઠવાડીયા પછી તે દીપકભાઈને નફા સાથે રૂ.૨૨,૦૦૦/- પરત આપી ગયો હતો. થોડા સમય પછી ફરીવાર ગીરીશે દીપકભાઈ અને તેમની પત્ની કાજલને કહ્યું કે "હાલ હું સોફ્ટ એનર્જી ડ્રીં" નો ધંધો કરૂં છું અને તેની બજારમાં બહુ માંગ છે, મને સારો એવો નફો પણ મળે છે અને તમને દર દસ દિવસે હું તમારા રોકાણના પૈસા ઉપર ૮ ટકા જેટલો નફો આપીશ"

દીપકભાઈ અને તેમની પત્નીએ સોનાની ચેઇન ગીરવે મુકીને ગીરીશભાઇને રૂ.૩,૦૦,૦૦૦/- રોકડા આપ્યા હતા. જે પછી ગીરીશ ૮ ટકા પેટે રૂપિયા ગુગલ પે દ્વારા તથા રોકડા આવીને આપી જતો હતો. ત્યારબાદ ગીરીશે દંપતીને વધુ રોકાણ કરી વધુ નફો મેળવી આપવાનો વિશ્વાસ આપ્યો હતો. જેથી દંપતીએ સોનાના દાગીનાઓ ગીરવે તેમજ વેચાણ કરીને ટુકડે ટુકડે આશરે રૂ.૫૧,૮૮,૮૦૦ /-નું રોકાણ કરાવી અને તેમાંથી નફા પેટે આશરે રૂ.૩૧,૧૪,૭૦૦/- પરત ચુકવી દીધા હતા. બાકીના દંપતીને લેવાના નીકળતા આશરે રૂ.૨૦,૭૪,૧૦૦/-ની મત્તા દંપતીએ અવારનવાર પરત માંગણી કરતા ગીરીશે વાયદાઓ આપી નોટરાઇઝ લખાણવાળું એફિડેવીટ કરી આપ્યું હતું. તેમ છતાં પૈસા નહીં ચૂકવી હાથ ઊંચા કરી દીધા હતા. સિંગણપોર પોલીસે ઠગબાજ ગીરીશભાઇ શંભુભાઇ વેલારી (રહે,સુમન આનંદ વી.આર. મોલની પાછળ વેસુ) સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સુરત મનપાને એડવાન્સ ટેક્સ પેટે પ્રથમ દિવસે જ 5.32 કરોડની આવક

સુરતઃ સુરત મહાનગરપાલિકાને વેરાની મોટી આવક છે. હવે નવા નાણાકીય વર્ષની શરૂઆત થતા જ એડવાન્સ ટેક્સ ભરવામાં સુરતીઓ દર વર્ષે ઉત્સાહી હોય છે. સુરત મનપા દ્વારા નાણાકીય વર્ષના પ્રથમ માસમાં એટલે કે, એપ્રિલ માસમાં એડવાન્સ ટેક્સપેયરોને 10 ટકા રીબેટ આપવામાં આવે છે. અને મે માસમાં 7 ટકા રીબેટ આપવામાં આવે છે. જેથી આ રીબેટનો લાભ લેવા માટે કરદાતાઓ એડવાન્સ ટેક્સ ભરી દેતા હોય છે. આ વર્ષે પણ નાણાકીય વર્ષના પ્રથમ દિવસે જ એટલે કે, 1 એપ્રિલે કુલ 5775 કરદાતાઓ દ્વારા મિલકત વેરો ભરી દેવામાંઆવ્યો હતો. જેથી મનપાને પ્રથમ દિવસે જ રૂા. 5.32 કરોડની આવક થઈ હતી.

નાણાંકીય વર્ષ 2024-25 માં મિલકત વેરા પેટે 1720.33 કરોડની રેકોર્ડ બ્રેક આવક મનપાને થઈ છે. શહેરના કરદાતાઓ નાણાંકીય વર્ષ પૂર્ણ થયા બાદ પણ એડવાન્સ ટેક્સ ભરપાઈ કરવા માટે ઉત્સુક રહે છે.

ઉત્સાહનો અતિરેક : સમુહલગ્નના બેનરમાં ગૃહ રાજ્યમંત્રીને કેન્દ્રિય ગૃહમંત્રી બનાવી દેવાયા